




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-17 ■ તા. 18-04-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


## મુંબઈમાં હવે ઍમ્બ્યુલન્સની અછત: પાલિકા પાસે ફકત ૪૪૭ ઍમ્બ્યુલન્સ

મુંબઈ,તા.૧૭

મુંબઈ સહિત રાજયમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, પરિણામે વેન્ટિલેટર્સ અને આઈસીયુ બેડની અછત સર્જાઈ છે ત્યારે બીજી બાજુ ઍમ્બ્યુલન્સ પણ હવે ઓછી પડી રહી છે. પાલિકા પાસે ફકત ૪૪૭ ઍમ્બ્યુલન્સ જ ઉપલબ્ધ હોવાથી દિવસે દિવસે વધી રહેલી કોરોનાના દર્દીની સંખ્યાને જોતા તે ઓછી પડી રહી છે. મુંબઈમાં પરિસ્થિતિ એટલી બધી ગંભીર બની રહી છે કે દર્દીને ઍમ્બ્યુલન્સ માટે પણ લાંબી પ્રતિક્ષા કરવી પડી રહી છે. મુંબઈમાં ગયા વર્ષે માર્ચ મહિનામાં કોરોનાનો પહેલો દર્દી મળી આવ્યા બાદ ઝડપથી કોરોનાના દર્દીમાં વધારો થવા લાગ્યો હતો. કોરોનાના દર્દીને ધ્યાનમાં લેતા તેમની સારવાર માટે પાલિકાએ હૉસ્પિટલ્સ અને કોવિડ કેર સેન્ટર સજ્જ રાખ્યા હતા. એ સમયે પણ દર્દીને લઈ જવા માટે ઍમ્બ્યુલન્સની તીવ્ર અછત નિર્માણ થઈ હતી. અંતે પાલિકાએ બેસ્ટ અને ખાનગી બસોને તાબામાં લઈને તેનું રૂપાંતર ઍમ્બ્યુલન્સમાં કર્યું હતું. આશરે ૬૭૫થી વધુ ઍમ્બ્યુલન્સને કોરોનાના દર્દીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ધીમે ધીમે કોરોનાના દર્દીની સંખ્યામાં ઘટાડો થવા લાગતા તબક્કાવાર રીતે ઍમ્બ્યુલન્સની સંખ્યા પણ ઘટાડી દેવામાં આવી હતી.દરમિયાન ફેબ્રુઆરી મહિનાથી ફરી એકવાર મુંબઈમાં બમણી કોરોનાનો ચેપ ફેલાવાની શરૂઆત થઈ છે. મુંબઈમાં દરરોજ દસ હજારની આસપાસ કોરોનાના દર્દીઓ નોંધાઈ રહ્યા છે. આ પૈકી મોટાભાગના લોકો હોમ કવોરન્ટાઈનમાં જ રાખવામાં આવે છે, પણ તેમ છતાં આશરે એક હજાર જેટલા દર્દીને ઈન્સ્ટિટયૂશનલ કવોરન્ટાઈન સેન્ટર અને હૉસ્પિટલમાં દાખલ કરવા પડે છે. એક દર્દીને હૉસ્પિટલ અને કોરોના સેન્ટરમાં લઈ જવામાં આવ્યા બાદ ઍમ્બ્યુલન્સને સેનિટાઈઝ કરવી પડે છે અને ત્યારબાદ જ તેને ફરી ઉપયોગમાં લેવાય છે. દિવસેને દિવસે વધી રહેલી કોરોનાના દર્દીની સંખ્યાને કારણે ઍમ્બ્યુલન્સની અછત વર્તાઈ રહી છે અને દર્દીને તે માટે રાહ જોવી પડી રહી છે.ટ્રાફિક વિભાગે કોરોનાના દર્દીઓની સેવા માટે નાની બસગાડી, ઈનોવા વગેરે જેવા ૩૨૩ વાહનનું ઍમ્બ્યુલન્સમાં રૂપાંતર કરીને તેને પાલિકાને સોંપી છે. આ સિવાય ૧૦૮ નંબરની ૪૨, પાલિકાની ૪૮, બેસ્ટ બસ ૩૧, એમએસઆરટીસીની ત્રણ બસ એમ કુલ ૪૪૭ ઍમ્બ્યુલન્સ હાલમાં દોડી રહી છે. પાલિકા પાસે એપ્રિલ મહિનાના પહેલા અઠવાડિયામાં ફકત ૨૯૧ ઍમ્બ્યુલન્સ હતી. દર્દીની વધતી સંખ્યાને ધ્યાનમાં લઈને ૧૦મી એપ્રિલના રોજ ૧૫૬ ઍમ્બ્યુલન્સ વધારવામાં આવી. કોરોનાને કારણે મૃત્યુ પામેલા દર્દીના પાર્થિવ દેહને સ્મશાનભૂમિમાં લઈ જવા માટે ૨૦ શબવાહિનીઓ વધારવામાં આવી છે.

## મહારાષ્ટ્રમાં સલૂન માલિકો, ફૂલ વિક્રેતાઓને પણ આર્થિક મદદ કરે સરકાર -કૉંગ્રેસ

મુંબઈ,તા.૧૭

કોરોનાને નિયંત્રણમાં લાવવા માટે સરકારે લગાવેલા કડક પ્રતિબંધોને પગલે દુકાનોને બંધ રાખવામાં આવતાં સલૂન માલિક અને વાળંદોએ સરકાર પાસેથી નાણાકીય મદદની માગણી કરી હતી. સરકારે જાહેર કરેલા આર્થિક પેકેજમાં ફૂલ વિક્રેતા, મુંબઈના ડબ્બાવાળા, ખેડૂતો, સલૂન માલિક અને વાળંદનો સમાવેશ કરવામાં આવ્યો નથી. કફ્ર્યૂને કારણે લગાવવામાં આવેલા પ્રતિબંધોને કારણે આ ઘટકો પણ પ્રભાવિત થઈ રહ્યા હોવાથી સરકારે આ વર્ગને પણ ન્યાય આપવો જોઈએ માગણી કૉંગ્રેસના પ્રદેશાધ્યક્ષ નાના પટોલેએ કરી હતી.કફ્ર્યૂને કારણે શાકભાજી, ફળો અને ફૂલની ખેતી કરનારા ખેડૂતોને આર્થિક નુકસાન થશે. તેવી જ રીતે સલૂનની દુકાનો પણ બંધ હોવાથી તેમને પણ હાલાકીનો સામનો કરવો પડશે. ધાર્મિક સ્થળો બંધ હોવાને લીધે ફૂલ વિક્રેતાઓને બે ટંક ભોજનના સાંસા પડશે. મુંબઈના જાણીતા ડબ્બાવાળાઓ પર પણ તેની અસર પડશે. તેથી સરકારે જાહેર કરેલા આર્થિક પેકેજમાં આ ઘટકોને પણ લાભ મળે એવી માગણી તેમણે પત્ર લખીને કરી હતી.

મહારાષ્ટ્ર નાભિક મહામંડળે મુખ્ય પ્રધાન સાથેની બેઠકમાં દાવો કર્યો હતો કે, ગયા વર્ષે લગાવવામાં આવેલા લૉકડાઉનને કારણે રાજયના ૨૦ સલૂન માલિકોએ આત્મહત્યા કરી હતી. તેમના પરિવારને અત્યાર સુધી કોઈ નાણાકીય મદદ મળી નથી. સરકારે બાંધકામ ક્ષેત્રે કામ કરતાં મજૂરો, રિક્ષા ચાલકો અને ફેરિયા માટે આર્થિક સહાય આપવાની જાહેરાત કરી તો સલૂન અને અને વાળંદોને પણ નાણાકીય સહાય મળવી જોઈએ, એવું મહામંડળના વડાએ જણાવ્યું હતું.

## ટ્રેન બંધ કરવા કોઈ રાજ્યે વિનંતિ નથી કરી: રેલવે બૉર્ડ

ન્યુ દિલ્હી,તા.૧૭

રેલવે બૉર્ડના અધ્યક્ષ સુનીત શર્માએ શુક્રવારે સ્પષ્ટતા કરી હતી કે કોઈ પણ રાજ્યે ટ્રેન બંધ કરવા વિનંતિ નથી કરી. તેમણે દાવો કર્યોહતો કેજ્યારે પણ કોઈ રાજ્ય ક્ધટેન્મન્ટ ઝૉન અંગે ચિંતા વ્યક્ત કરેછેત્યારે મુસાફરોનો રૅન્ડમ ટૅસ્ટ કરાય છે. સુનીત શર્માએ જણાવ્યું હતુંકેરાજ્યોદ્વારાઅનુસરવામાંઆવતી નિયમાવલીને લગતી માહિતી આઈઆરસીટીસીની ઈ-ટિકિટિંગ વૅબસાઈટ પર અપાઈ છે અને મુસાફરોએ ક્યાં પ્રવાસ કરતી વખતે આરટી-પીસીઆર ટૅસ્ટ કે કોવિડ-નેગેટિવ સર્ટિફિકેટ સાથે લઈ જવું તેની જાણકારી અપાઈ છે. તેમણે જણાવ્યું હતું કે કોઈ પણ રાજ્યે અમને ટ્રેન બંધ કરવા માટે હજી સુધી વિનંતિ નથી કરી. રાજ્ય સરકારો જ્યારે પણ સંબંધિત ચિંતા વ્યક્ત કરે છે ત્યારે તેઓની રજૂઆત અંગે ધ્યાન આપવામાંઆવેછેઅને રૅન્ડમ ટૅસ્ટ કરાય છે.

## અમેરિકાનું સીટીગ્રુપ ભારતમાં બેક્કિંગ બિઝનેસ સમેટી લેશ

મુંબઈ,તા.૧૭

અમેરિકાની સીટી બેક્ક ભારતમાંથી પોતાનો બેક્કિંગ બિઝનેસ સમેટી રહી છે. સીટી ગ્રુપે મોટી જાહેરાત કરતા જણાવ્યું હતું કે, જૂથ હવે જ્યાં તેનો બિઝનેસ ઓછો છે તેવા ભારત સહીત ૧૩ ઈન્ટરનેશનલ ક્ધઝયુમર બેક્કિંગ માર્કેટમાંથી બહાર નીકળી જશે. સીટી ગ્રુપ હવે વેલ્થ મેનેજમેન્ટ બિઝનેસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની તૈયારીમાં છે. અત્રે નોંધનીય છે કે ભારતમાં સીટી ગ્રુપની એન્ટ્રી ૧૯૦૨માં થઈ હતી અને તેણે ક્ધઝ્યુમર બેક્કિંગ કારોબાર ૧૯૮૫માં શરૂ કર્યો હતો. દેશમાં સિટીબેંકની લગભગ ૩૫ શાખાઓ છે. તેમાં લખનવ, અમદાવાદ, ઔરંગાબાદ, બેંગલુરૂ, ચંદીગઢ, ફરીદાબાદ, ગુરૂગ્રામ, જયપુર, કોચી, કોલકાતા, મુંબઈ, નાગપુર, નાસિક, નવી દિલ્હી, પુણે, હૈદરાબાદ અને સુરત જેવા શહેરોની શાખાઓ શામેલ છે. ક્ધઝ્યુમર બિઝનેસ બેક્કિંગમાં તેના આશરે ૪૦૦૦ લોકો કામ કરે છે હવે આ તમામ લોકોની નોકરી પર ખતરો ઉભો થયો છે. બેંકના દેશમાં લગભગ ૨૫ લાખ ગ્રાહકો છે. કંપનીના સીઈઓ જેન ફ્રેઝરે કહ્યું હતું તે કંપનીની રણનીતિ સમીક્ષાનો હિસ્સો છે. જોકે સિટી ગ્રુપ સિંગાપોર, હોંગકોંગ, લંડન અને યુએઈમાં બેક્કિંગ બિઝનેસ ચાલુ રાખશે જ્યારે ચીન, ભારત અને અન્ય ૧૧ રિટેલ બજારોમાં કારોબાર બંધ કરશે. ભારતમાં બેક્કિંગ ક્ષેત્રે રહેલા નિયમોને કારણે કંપનીએ આ પગલું ભર્યું હોવાનું માનવામાં આવે છે.

## લાલુ યાદવને હાઈકોર્ટમાંથી મોટી રાહત, જેલમાંથી બહાર આવવાનો રસ્તો સાફ



ન્યુ દિલ્હી,તા.૧૭

ઘાસચારા કૌભાંડ કેસમાં સજા કાપી રહેલા આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવને ઝારખંડ હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. દુમકા કોષાગરમાંથી ગેરકાયદેસર પૈસા ઉપાડવાના કેસમાં તેમને જામીન મળી ગયા છે. જો કે લાલુ યાદવને જેલમાંથી બહાર આવતા હજુ ૧-૨ દિવસનો સમય લાગી શકે છે. કોવિડ સંક્રમણના નિયમના લીધે જેલમાંથી નીકાળવામાં થોડુંક મોડું થઈ શકે છે. જામીન બોન્ડ ભર્યા બાદ જેલમાંથી બહાર આવવાની પ્રક્રિયા શરૂ થશે.લાલુ પ્રસાદ યાદવની તરફથી કરાયેલી અરજીમાં કહ્યું કે તેમણે પોતાની અડધી સજા કાપી લીધી છે. સાથો સાથ તેમની ઉંમર ઘણી વધી ગઈ છે અને તેમને ગંભીર બીમારીઓએ પણ ઘેરી લીધો છે આથી તેમને જામીન આપવામાં આવે. આ કેસમાં અડધી સજા પૂરી કરનાર બાકીના દોષિતોને જામીન મળી ચૂકયા છે. આ બધાની વચ્ચે રાંચી હાઈકોર્ટે આરજેડી સુપ્રીમોને જામીનનો નિર્ણય સંભળાવ્યો.આરજેડી નેતા શિવાનંદ તિવારી એ કહ્યું કે લાલુ પ્રસાદ યાદવને જામીન મળ્યા છે. સુપ્રીમ કોર્ટની તરફથી બનાવેલા નિયમ પ્રમાણે જામીન મળ્યા છે. તેમણે કહ્યું કે બેલ બોન્ડ સહિત તમામ પ્રક્રિયાને જોતા લાલુ પ્રસાદ યાદવને બહાર આવવામાં ૩-૪ દિવસ લાગી શકે છે.

## બંગાળના વિકાસ આડે મમતા દીદી દીવાલની જેમ ઉભા રહી ગયા છે: પીએમ મોદી

કલકત્તા,તા.૧૭

પશ્ચિમ બંગાળમાં પાંચમા તબક્કાનુ મતદાન ચાલી રહ્યુ છે અને બીજી તરફ પીએમ મોદીએ આસનસોલમાં ચૂંટણી સભાને સંબોધન કર્યુ હતુ.

તેમણે આસનસોલને મિની ઈન્ડિયા ગણાવીને કહ્યુ હતુ કે, અહીંયા સાયકલથી લઈને કાગળ, સ્ટીલ, એલ્યુમિનિયમ અને કાચ જેવા ઉદ્યોગોમાં કામ કરવા માટે આખા ભારતમાંથી લોકો આવતા હતા પણ હવે અહીંથી લોકો પલાયન કરી રહ્યા છે. મમતા દીદીની સરકારે અહીંયા માફિયા રાજ ફેલાવી દીધુ છે.ચાર તબક્કાના મતદાનમાં તો ટીએમસીના ટુકડા થઈ ગયા છે અને હવે બીજા ચાર તબક્કાના મતદાન બાદ દીદીનુ પત્તુ સાફ થઈ જશે.

પીએમ મોદીએ કહ્યુ હતુ કે, પાંચમા તબક્કામાં પણ ભાજપની તરફેણમાં ભારે મતદાન થઈ રહ્યુ છે.કેન્દ્ર સરકારે ખેડૂતોને વચેટિયાઓથી મુક્ત કરવાના કાયદા બનાવ્યા તો દીદી વિરોધમાં ઉતરી, કેન્દ્ર સરકારે ખેડૂતોના એકાઉન્ટમાં સીધા પૈસા ટ્રાન્સફર કરવાના શરુ કર્યા તો દીદીએ તેનાથી પણ ખેડૂતોને વંચિત રાખ્યા હતા.

## વેક્સીનની અછત નથી, ગુજરાત સહિતના રાજ્યોને બીજા વેન્ટિલેટર પૂરા પડાશે: ડો.હર્ષવર્ધન



ન્યુ દિલ્હી,તા.૧૭

કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષવર્ધને દાવો કર્યો છે કે, દેશમાં કોરોના વેક્સીનની કોઈ અછત નથી.તેમણે તમામ રાજ્યો સાથે એક બેઠક યોજી હતી અને તેમાં કહ્યુ હતુ કે, મોટા રાજ્યોને દર ચાર દિવસે અને નાના રાજ્યોને સાત દિવસે વેક્સીન ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં જો કોઈ રાજ્યને વધારાની વેક્સીનની જરુરિયાત ઉભી થાય તો તે કેન્દ્ર સરકાર સાથે આ મુદ્દે ચર્ચા કરી શકે છે.ડો.હર્ષવર્ધને રાજ્યોને કહ્યુ હતુ કે, કોરોના માટે કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્યોને સારુ એવુ ફંડ આપવામાં આવ્યુ છે. રાજ્યોએ તે ફંડનો સદુપયોગ કરવો જોઈએ. ઓક્સિજનના સપ્લાય માટે કેન્દ્ર દ્વારા ૩૦ એપ્રિલ સુધીનુ શિડ્યુલ તૈયાર કરાયુ છે અને ઓક્સિજનની ઉપલબ્ધતા અંગે સ્પષ્ટ પણે જાણકારી આપવામાં આવી છે.

તેમણે કહ્યુ હતુ કે, રાજ્યોને ગયા વર્ષે પણ કોરોનાના દર્દીઓ માટે વેન્ટિલેટર આપવામાં આવ્યા હતા. હાલમાં પણ મહારાષ્ટ્ર, યુપી, ગુજરાત, છત્તીસગઢ અને મધ્ય પ્રદેશ સહિતના રાજ્યો દ્વારા વેન્ટિલેટર માંગવામાં આવ્યા છે. જે જલ્દી પૂરા પાડવામાં આવશે.તેમણે કહ્યુ હતુ કે, લોકોએ કોરોના પ્રત્યે દાખવેલી બેદરકારી ભારે પડી રહી છે. સંક્રમણની ચેન તોડવા માટે કોરોનાના નિયમોનુ પાલન કરવુ બહુ જ જરુરી છે.

## કોરોનાનો કહેર: ઈતિહાસમાં પહેલી વખત પોલીસ મથકમાં આમ જનતાના પ્રવેશ પર રોક


પટણા,તા.૧૭

પોલીસ સ્ટેશનના દરવાજા તો પ્રજા માટે ૨૪ કલાક ખુલ્લા જ રહેતા હોય છે પણ કોરોનાના વધતા સંક્રમણે આ પ્રથાને પણ તોડી નાંખી છે.બિહારમાં કોરોનાના સંક્રમણમાં પોલીસ ખાતુ પણ બરોબર સપડાયુ છે.બિહારના વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા સેંકડો પોલીસ કર્મીઓ સંક્રમિત થઈ રહ્યા છે અને પોલીસ હેડ ક્વાર્ટરે તમામ પોલીસ મથકોને સાવધાની રાખવાના નિર્દેશ આપ્યા છે. જેના પગલે રાજધાની પટણાના રાજીવનગર પોલીસ મથકમાં આમ જનતાના પ્રવેશવા પર રોક લગાવવી પડી છે.અહીંયા લોકોને રોકવા બેરિકેડિંગ કરાઈ છે અને ફરિયાદ લેવા માટે બહાર એક બોક્સ મુકી દેવામાં આવ્યુ છે. જરુરી પડી તો અધિકારીઓને મુલાકાતીઓને બહાર જઈને મળવાની સૂચના અપાઈ છે.

## કોરોનાનો કહેર, નવા ૨.૩૩ લાખ કેસ, ૧,૩૪૦ નાં મોત, ૫૭% વસ્તી ઘરોમાં કેદ

ન્યુ દિલ્હી,તા.૧૭

દેશમાં કોરોનાથી પરિસ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ચૂકી છે. કોરોનાવાયરસે આખા દેશને ઝપેટમાં લઈ લીધો છે. દરેક રાજ્યમાં, દરેક શહેરમાં પહેલાં કરતાં વધુ લોકો સંક્રમણની ઝપેટમાં આવી રહ્યા છે. પ્રથમ વખત એવું બન્યું જ્યારે એક દિવસમાં રેકોર્ડ ૨ લાખ ૩૩ હજાર ૭૫૭ લોકો પોઝિટિવ સામે આવ્યા. આ દરમિયાન ૧ લાખ ૨૨ હજાર ૮૩૯ દર્દી પણ રિકવર થયા હતા. દેશભરમાં અત્યારસુધીમાં ૧.૪૫ કરોડ લોકોને સંક્રમણ લાગ્યું છે. આ આંકડો આજે સાંજ સુધીમાં દોઢ કરોડને પાર થઈ જશે.સંક્રમણને કારણે ૨૪ કલાકની અંદર ૧,૩૩૮ દર્દીનાં મૃત્યુ થયાં હતાં. આ મૃત્યુઆંક સત્તાવાર છે. સ્મશાનઘાટ અને કબ્રસ્તાનોમાં પહોંચતા મૃતદેહો આ કરતાં ઘણા વધારે છે. ત્યાંથી જે તસવીરો સામે આવી રહી છે એ ખરેખર ભયાનક છે. તમે સ્મશાનઘાટ અને કબ્રસ્તાનમાં લાગેલી લાંબી કતારો દ્વારા આનો અંદાજ લગાવી શકો છો.૧ લાખ ૬૧ હજાર ૪૨૨ એટલે કે ૬૯.૦૫% નવા દર્દીઓ માત્ર ૭ રાજ્યમાં જ વધ્યા છે. આમાં સૌથી વધુ મહારાષ્ટ્રમાં, ૬૩,૭૨૯,, ઉત્તરપ્રદેશમાં ૨૭,૩૬૦, દેશની રાજધાની દિલ્હીમાં ૧૯,૪૮૬, કર્ણાટકમાં ૧૪,૮૫૯, છત્તીસગઢમાં ૧૪,૯૧૨, મધ્યપ્રદેશમાં ૧૧,૦૪૫ અને કેરળમાં ૧૦,૦૩૧ લોકોને સંક્રમણ લાગ્યું છે. આ રાજ્યોમાં જ સૌથી વધુ ૯૩૯ એટલે કે ૭૦.૧૭% જેટલાં મૃત્યુ નોંધાયાં છે.દેશમાં આ બીમારીએ કેટલો ભરડો લીધો છે તેનો અંદાજ એ વાત પરથી જ લગાવી શકાય છે કે સ્મશાન ઘાટો પર મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે લાંબી લાઈનો લાગી છે. મોતના આંકડાની સાથે સાથે દેશમાં કોરોનાના નવા કેસ પણ રોકેટ ગતિએ વધી રહ્યા છે.આજે કોરોના સંક્રમિત નવા કેસની સંખ્યાઓ ફરી રેકોર્ડ તોડ્યો છે. સ્વાસ્થ્ય વિભાગ તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં ૨,૩૪,૮૯૨ નવા કેસ નોંધાયા છે. કોરોનાને પગલે દેશના મોટાભાગના હિસ્સાઓમાં કડક નિયમો લગાવવામાં આવ્યા છે. દેશમાં ૧૫ રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં હાલ નાઈટ કફ્ર્યૂ અથવા વીકેન્ડ કફ્ર્યૂ લગાવવામાં આવ્યો છે. અલગ અલગ પ્રકારના પ્રતિબંધને પગલે દેશની અડધી (૫૭%) વસ્તી હાલ ઘરોમાં કેદ છે.આજ પહેલા ભારતમાં છેલ્લે સૌથી વધારે મોત સપ્ટેમ્બરમાં નોંધાયા હતા, જે આંકડો ૧,૨૮૪ હતો. એક વિશ્લેષણ પ્રમાણે આગામી બે દિવસમાં દેશભરમાં ૭૦૦ મિલિયનથી વધારે લોકો સીમિત સમય માટે કફ્ર્યૂનો સામનો કરશે. હકીકતમાં ભારતમાં કોવિડ-૧૯ને પગલે જે પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ છે તેનાથી આવા પ્રતિબંધો જરૂરી બની ગયા છે.ઉલ્લેખનીય છે કે ૧૬ એપ્રિલ સુધી દરરોજ કોરોનાના ૧૮૮,૪૦૦ નવા કેસ નોંધાયા હતા. કોરોનાની પહેલી લહેર દરમિયાન પીક સમય દરમિયાન આટલા કેસ સામે આવ્યા ન હતા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૦ના જ્યારે કોરોના પીક પર હતો ત્યારે ભારતમાં ૯૩,૬૧૭ નવા કેસ નોંધાયા હતા. એ રીતે જોઈએ તો ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે એટલે કે બીજી લહેરમાં કોરોનાને કેસ બે ગણા થઈ ગયા છે.



**CBSEએ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા રદ કરી છે, હવે ગુજરાત સરકાર બોર્ડની પરીક્ષા રદ કરી વિદ્યાર્થીઓને પ્રમોશન આપે**

# તંત્રી લેખ

## મોદીની અપીલ બાદ પણ તમામ અખાડા કુંભને સમાપ્ત કરવા તૈયાર નથી

*કોરોનાના વધતા સંક્રમણને જોતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદ ગિરિ સાથે વાત કરતાં કુંભમાં મેળાવડાને સમાપ્ત કરવા અને એને ફક્ત પ્રતીકાત્મક રીતે મર્યાદિત રાખવા અપીલ કરી હતી. નિરંજની અને આનંદ અખાડાએ પોતાના વતી કુંભ સમાપ્ત કરવાની જાહેરાત કરી છે. જોકે કેટલાક અખાડા સમયથી પહેલાં મેળાની સમાપ્તિની વાતથી નારાજ છે. તેમનું કહેવું છે કે મેળો નિયત સમય સુધી જ ચાલશે.*


*આ સાધુ-સંતોને મનાવવા માટે ઉત્તરાખંડ સરકાર છેલ્લા બે દિવસથી ગુપ્ત બેઠકો કરી રહી છે. વડાપ્રધાનની અપીલ પણ એક પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે, પરંતુ હમણાં તમામ અખાડાઓમાં સંમતિ બનતી હોવાનું જણાતું નથી. સૌથી શક્તિશાળી ગણાતા જૂના અખાડાને સ્પષ્ટ કરી દીધું છે કે તે સમય પહેલાં કુંભમેળો સમાપ્ત કરવામાં આવશે નહીં અને ૨૭ એપ્રિલે શાહી સ્નાનમાં અખાડાના તમામ સાધુ ભાગ લેશે.જોકે કોરોનાવિસ્ફોટથી પરેશાન કેન્દ્ર સરકાર કુંભમેળો જલદીમાં જલદી સમાપ્ત કરવા ઈચ્છે છે, પરંતુ તે એ નથી ઈચ્છતી કે આ માટે કોઈ સરકારી નિર્દેશ જાહેર કરવા પડે, પરંતુ કેન્દ્રની ઈચ્છા છે કે સાધુ-સંતો ખુદ મેળાની સમાપ્તિની જાહેરાત કરે. આ બાબતને સંચાલિત કરવાનું કામ તીરથ સરકારને સોંપવામાં આવ્યું છે, જે તેમના માટે મુશ્કેલીનું કારણ બની રહ્યું છે. હવે તમામ અખાડાઓ સાથે ગોપનીય સરકારી વાટાઘાટો ચાલી રહી છે, પરંતુ ઘણા અખાડા નારાજ છે કે સરકારે શરૂઆતમાં તેમને વિશ્વાસમાં લીધા નથી.ઉત્તરાખંડની તીરથ સરકાર સીધો જ મેળાની સમાપ્તિ કરવાની જાહેરાત કરીને સાધુ-સંતો સાથે કોઈ વિવાદ ઊભો કરવા માગતી નથી. માટે રાજ્ય સરકારે જુદા જુદા અખાડાના સંતો સાથે ગુપ્ત બેઠકો શરૂ કરી અને તેમને કુંભમેળો સમાપ્તિની જાહેરાત કરાવવા માટેના પ્રયાસ કર્યા. આ બેઠકોમાં થોડી અસર દેખાઈ. જ્યારે નિરંજની અને આનંદ અખાડાએ બે દિવસ પહેલાં તેમના વતી મેળાનું સમાપન કરવાની જાહેરાત કરી હતી.*

*હરિદ્વારમાં ચાલતા કુંભમાં સાધુ-સંતો અને શ્રદ્ધાળુઓની કોરોના સંક્રમિત થવાના ન્યૂઝ આવ્યા પછી પ્રશાસને પગલાં લેવાનું નક્કી કર્યું છે. ઘણા અખાડા પહેલેથી જ કુંભમાંથી પરત ફરવાની જાહેરાત કરી ચૂક્યા છે. આ વિશે હવે વડાપ્રધાન મોદી દ્વારા પણ એક મહત્ત્વનું નિવેદન આપવામાં આવ્યું હતું.*

*વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે આચાર્ય મહામંડલેશ્વર પૂજ્ય સ્વામી અવધેશાનંદ ગિરિજી સાથે ફોન પર વાત કરી હતી. દરેક સંતના સ્વાસ્થ્યની માહિતી લીધી છે. દરેક સંતગણ પ્રશાસનને દરેક પ્રકારની મદદ કરી રહ્યા છે. મેં એ માટે સંતજગતનો આભાર માન્યો છે.*

# સદાબહાર સૂર - ૧૬

## અવિનાશ વ્યાસ




અવિનાશ વ્યાસ ગુજરાતી ગીતકાર, સંગીતકાર તરીકે એક એવું મોખરાનું નામ છે જે આજ સુધી સન્માનીય જ રહ્યું છે. અવિનાશ વ્યાસ બધા કરતા નોખા હતા. પોતે જે સંવેદના જીવતા એ લખતા અને સંગીત પણ એ જ સંવેદના સાથે આપતા. એમની રચનાઓમાં એમણે અવનવી,અનોખી, ભૌતિક સંબંધોની લાગણીઓને પણ વાચા આપી છે. એમની રચનાઓમાં સંબંધોને એટલી સરસ રીતે ઉજાળ્યા છે કે દરેક સંબંધની એક અનોખી ભાત આપણા મન પર ઉપસ્યા વગર ન રહે.

આમ પણ માનવી એટલે સંવેદના પ.વ્યક્તિ જન્મે ને ત્યારથી એક પછી એક સંબંધોના, ક્યારેક લોહીના તો ક્યારેક લાગણીના ગોફથી એકમેક સાથે ગૂંથાતો જાય. આપણા આ સંબંધોના ગોફની ગૂંથણી જેટલા સંબંધોની વાત અવિનાશ વ્યાસે એમના ગીતોમાં ગૂંથી છે એટલી તો એ જમાનામાં કોઈએ નહિ ગુંથી હોય. ખરેખર જોઈએ તો તે જમાનામાં ગુજરાતીઓ પાસે આવા ભાવ પ્રગટ કરવાની ક્યાં વાચા જ હતી!

એ સમયની વાત કરીએ તો ગુજરાતીઓને પ્રેમ કરતા અવિનાશભાઈએ શીખવ્યું કહેવાય અથવા ગુજરાતીઓના પ્રેમને એમણે વાચા આપી. આજે પણ જ્યારે લત્તા મંગેશકર અને મહેન્દ્ર કપૂર પાસે ૧૯૬૦માં ગવડાવેલું ગીત પાંદડું લીલું ને રંગ રાતો સાંભળીએ તો એની મહેંદીના મદમાતા રંગની ઝલક નજર આગળ તરી તો આવે જ અને એની ખુશ્બુ ય જાણે ધ્રાણેંદ્રિયને સ્પર્શીને મનને તરબતર કરી દે એવી જ આ રચના જોઈએપ

**નયન ચકચૂર છે, મન આતુર છે**
**હવે શું રહી ગયું બાકી કહો**
**મંજૂર છે..**

૧૯૬૦ના દાયકાનું આ ગીત અને એ સમયનો સમાજની કલ્પના કરો..ગુજરાતી એટલે વ્યાપારી પ્રજા એમને પ્રેમ કરતા, પ્રેમની ભાષા બોલતા જાણે અવિનાશભાઈ એ શીખવ્યું . ૬૦ વર્ષ પહેલાની આ ફિલ્મના ગીત પર તો આજે પણ આપણા ઘરના વડીલો સાંભળી ઝૂમી ઉઠશે. તેમની જુવાની પાછી આવી જશે અથવા સાંભળતા જ એમના મોઢા પર સ્મિત ફરકી જાય તો નવાઈ ન પામતા.

ગુજરાતી ગીતોમાં જ્યારે પ્રેમની વાત આવે ને ત્યારે હંમેશા એને અવિનાશ વ્યાસે કંઈક અલગ અંદાજમાં મુકી છે. હવે એના સંદર્ભમાં એક આ સૌનું મનગમતું ગીત પણ યાદ આવ્યું છે.

**‘તારી બાંકી રે પાઘલડીનું ફૂમતું રે મને ગમતું રે,**
**આ તો કહું છું રે પાતળીયા તને ગમતું રેપ.’**

આ ગીત વિષેની વાત કરું તો ઘણાને કદાચ આ બહુ ગમતા ગીતનો અર્થ કે સંદર્ભ ખબર પણ નહિ હોય.. એવું સાંભળ્યું છે સૌરાષ્ટ્રની જાતિના એક સિંહને પાતળીયા તરીકે ઓળખવામાં આવે છે , જે આગળ અને પાછળથી ભરાવદાર હોય અને વચ્ચે કમરથી પાતળો હોય. હવે મઝાની વાત તો એ છે કે જ્યારે એ સમયે બોડીના વી શેપ અંગે ઝાઝી ગતાગમ નહોતી ત્યારે પણ આ લખાય છે એનો અર્થ કે ગીતકારના મનમાં ભવિષ્યમાં એક સંપૂર્ણ શરીર સૌષ્ઠવ ધરાવતા, સુદ્રઢ બાંધાની ફ્રેમમાં ફીટ થતા જુવાનની કેટલી સુંદર કલ્પના અકાર લેતી હશે?

હવે એક સાહિત્યની દ્રષ્ટિએ અવિનાશ વ્યાસને સમજવા હોય તો આ ગીતની અંદરનો પ્રાસ સમજવો જોઈએ.

પાતળીયાના

**અંગનું રે અંગરખું તમતમતું રે, પગનું રે પગરખું ચમચમતુ રે ,**
**મને ગમતું રે, આ તો કહું છું રે પાતળીયા તને અમથું રે**

નાયિકાના મનોભાવોને અવિનાશ વ્યાસે આ શબ્દોમાં કેટલા સિફતથી મુક્યા છે.. આપણે સંગીતની સામે એમના કવિત્વને પણ સમજવું જ પડશે.

કેટલી મોટી વાત બસ સાવ અમથી, અમસ્તી જ હોય એમ રમતી મુકી દે છે. આ એક શબ્દને લઈએ “અમથું” પણ આ એ સમયે વપરાતી કેવી બોલચાલની ભાષામાં વાત કહેવી એ અવિનાશ ભાઈ પાસેથી શીખવા જેવું છે. અમથું શબ્દનો ભાર કેટલો છે ? સામાન્ય બોલચાલની વાતો જલ્દી લોકોના મોઢે વહેતી થાય છે એ વાતથી અવિનાશ વ્યાસ જાગ્રત છે એ વાત અહીં છતી થાય છે. સુગમ સંગીતને સામાન્યજન સુધી પહોંચાડવામાં અને ખરા અર્થમાં સુગમ બનાવવામાં અવિનાશ વ્યાસનું પ્રદાન નિર્વિવાદ અનન્ય છે. અવિનાશભાઈએ બોલચાલની ભાષાથી માંડીને ઉચ્ચ સાહિત્યિક ગીતો પણ અગણિત (કુલ લગભગ પંદર હજાર જેટલા) રચ્યા છે.

સમય પ્રમાણે જેમ રૂખ બદલાતી જાય એમ કાવ્ય રચનાઓ, ગીતો પણ બદલાતા ગયા. આ તો સમયની માંગ છે એને તો સ્વીકારીને અવિનાશ આગળ વધ્યા. ગીતોના લય, સૂર, તાલ બદલાયા, એની શબ્દ રચના બધું બદલી એમાં થોડી આધુનિકતા ઉમેરી અને આ આધુનિકતા ગુજરાતી સંગીતમાં લાવ્યાનો જશ હું અવિનાશ વ્યાસને આપીશ. કોઈ પણ ગીતકાર-સંગીતકારને સહજ ઈર્ષ્યા આવે એવી અનુપમ પ્રસિધ્ધિ પામીને તેઓ આજે સાચા અર્થમાં અવિનાશી બની ગયા.

એમણે ગુજરાતી સિવાયના ઘણા કલાકરો પાસે કામ કર્યું અને કરાવ્યું તેની વાત આવતા અંકે ..




## ગુજરાતમાં ૧૦૮ હેલ્પલાઈન, ૧૫ દિવસમાં અધધપર ૨૫૩૧ દર્દીઓનો કોલ

અમદાવાદ,તા.૧૭

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રોજ અનેક લોકો સારવાર માટે તડફડિયાં મારે છે. માસૂમ દર્દીઓ સારવાર મળશે એવી આશા સાથે કલાકો સુધી ૧૦૮ એમ્બ્યુલન્સમાં રાહ જોઇને સિવિલ હોસ્પિટલ પહોંચે છે. ગુજરાતમાં કોરોના વાયરસના દર્દીઓને સ્થિતિ ખુબ જ ખરાબ થઈ રહી છે, ત્યારે દર્દીઓને હોસ્પિટલોમાં પહોંચાડવા માટે ૧૦૮ હેલ્પલાઈન પર કોલનો મારો ચાલી રહ્યો છે. છેલ્લા ૧૫ દિવસમાં ૨૨૫૩૧ કોરોના દર્દીઓનો કોલ ૧૦૮ ઈમરજન્સી નંબર પર આવી ચૂક્યા છે, જેમાંથી ખાલી અમદાવાદમાં જ છેલ્લા ૧૫ દિવસમાં ૬૦૫૯ દર્દીઓને હોસ્પિટલમાં શિફ્ટ કરાયા છે. એટલું જ નહીં, છેલ્લાં ૫ દિવસથી રાજ્યના મહાનગરોમાંથી દર્દીઓને હોસ્પિટલોમાં પહોંચાડવાના કોલ ડબલ થઈ ગયા છે.

એક તરફ એમ્બ્યુલન્સમાં ઓક્સિજન સાથે આવેલા દર્દીઓ ૪૦ ડીગ્રી ગરમીમાં પોતાને બેડ મળશે એ માટે ૪ કલાક રાહ જુએ છે, પરંતુ બધું ભગવાન ભરોસે જ ચાલે છે. આવા સમયે કોઈ મદદ માટે સિવિલ સુપરિન્ટેન્ડન્ટને ફોન કરે તો જાણે તેમણે હોસ્પિટલમાં વ્યવસ્થા અંગેનો જવાબદાર કોઈ માણસ રાખ્યો હોય એ તેમનો ફોન ઉપાડીને જવાબ આપે છે. સિવિલ હોસ્પિટલના ઈતિહાસમાં આ પ્રકારની પરિસ્થિતિ ક્યારેય સર્જાઈ નથી એ વાસ્તવિકતા છે.

## ભારત હવે કોરોના વેક્સીન નિકાસમાંથી આયાત કરનારો દેશ બન્યો

ન્યુ દિલ્હી,તા.૧૭


કોરોના વાયરસની વેક્સીનને મંજૂરી મળ્યા બાદ ભારતે ઘણા દેશોને વેક્સીનના કરોડો ડોઝ ગિફ્ટમાં આપ્યા અને ઘણા દેશોને ઓછી કિંમતમાં વેચાણ કર્યું. સમગ્ર વિશ્વએ ત્યારે ભારતની પ્રશંસા કરી હતી. પરંતુ હવે દેશમાં કોવિડ-૧૯ના કેસો રોકેટ ગતિથી વધવાના કારણે પરિસ્થિતિ આખી વિપરીત થઈ ગઈ છે. ભારત હવે વેક્સિનની આયાત કરવાનું છે. હવે ભારત કોરોનાથી સૌથી ખરાબ રીતે અસરગ્રસ્ત દેશોમાં અમેરિકા બાદ બીજા ક્રમે આવી ગયું છે. ગુરૂવારે ભારતમાં પ્રથમ વખત એક જ દિવસમાં ૨ લાખથી વધુ કેસ નોંધાયા હતા.લોકડાઉનના નિયમો હળવા બનાવ્યા બાદ કેસમાં મોટો ઉછાળો આવ્યો છે અને હોસ્પિટલો દર્દીઓથી ઊભરાઈ રહી છે ત્યારે વિદેશી વેક્સીનને ઝડપથી મંજૂરી આપવા માટે નિયમો બદલવામાં આવી રહ્યા છે. ભારત રશિયાની સ્પુતનિક-વી વેક્સિનને ઈમ્પોર્ટ કરશે. ભારતમાં ઊભી થયેલી આ પરિસ્થિતિના કારણે વિશ્વના ૬૦થી વધારે ગરીબ દેશોની કોરોના સામેની લડતને પણ અસર પડશે.



વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનું સમર્થન ધરાવતા કોવેક્સ પ્રોગ્રામ અને ગાવી વેક્સીન એલાયન્સ વિશ્વના ગરીબ અને ઓછી આવક ધરાવતા દેશોને વેક્સીન મળી રહે તેવા પ્રયાસો કરે છે. તેથી આ તમામનો આધાર એશિયાના સૌથી મોટા ફાર્માસ્યુટિકલ પાવરહાઉસ ભારત પર રહેલો છે. પરંતુ આ મહિને અત્યાર સુધી ભારતે ફક્ત ૧.૨ મિલિયન ડોઝ જ એક્સપોર્ટ કર્યા છે. જે જૂલાઈ અને માર્ચની વચ્ચે એક્સપોર્ટ કરેલા ૬૪ મિલિયન ડોઝની સરખામણીમાં ઘણા જ ઓછા છે, તેમ વિદેશ મંત્રાલયના ડેટા પરથી જાણવા મળે છે.ભારતની વેક્સીન સ્ટ્રેટેજી અંગે જાણકારી રાખનારા એક અધિકારીએ જણાવ્યું હતું કે, ભારતમાં હાલમાં કટોકટી ભરેલી પરિસ્થિતિ છે તેવામાં ઉપલબ્ધ વેક્સીન શોટ્સને દેશમાં ઉપયોગમાં લેવામાં આવશે. અન્ય દેશોને કોઈ પ્રતિબદ્ધતા આપવામાં આવી નથી. કોવેક્સ યોજના અંતર્ગત કેટલાદ દેશોમાં વેક્સીનની તંગી ઊભી થઈ છે અને આફ્રિકામાં કોરોના વેક્સીનનું ધ્યાન રાખનારા યુએનના એક સ્વાસ્થ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, એક જ ઉત્પાદક પર આધાર રાખવો મોટી ચિંતાનું કારણ છે.સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા વેક્સીન બનાવતી વિશ્વની સૌથી મોટી કંપ્રી છે. કંપ્રીને ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોને કોરોના વેક્સીનના ૨ બિલિયન શોટ્સ મોકલવાના છે જેમાંથી અડધા ૨૦૨૧ના અંત સુધીમાં મોકલવાના છે. પરંતુ હાલમાં એસ્ટ્રાઝેનેકાના વૈશ્વિક ઉત્પાદનની મુશ્કેલીઓને લઈને બ્રિટન, કેનેડા અને સાઉદી અરબ જેવા દેશોની માંગને પહોંચી વળવા માટે દબાણમાં છે.ભારતે શરૂઆતમાં પ્રતિ ડોઝની કિંમત નક્કી કરવામાં ઘણો સમય લગાવ્યો હતો અને ભારતના ડ્રગ રેગ્યુલેટર દ્વારા એસ્ટ્રાઝેનેકાની વેક્સીનને મંજૂરી આપ્યાના બે જ સપ્તાહમાં ઓર્ડર આપી દીધો હતો. એક સમયે સીરમ પાસે ઉત્પાદન કરવામાં આવેલા ડોઝ રાખવાની પણ જગ્યા ન હતા. જાન્યુઆરીમાં સીરમના ચીફ એક્ઝિક્યુટિવ અદર પૂનાવાલાએ જણાવ્યું હતું કે, તેથી જ હું ૫૦ મિલિયન ડોઝથી વધારે ઉત્પાદન કરવાનું પસંદ કરતો ન હતો, કારણ કે હું જાણતો હતો કે મેં તેનાથી વધારે ડોઝ પેક કર્યા હોત તો તેને મારા ઘરમાં રાખવા પડ્યા હોત.કોવેક્સ દ્વારા સીરમ પાસેથી ૧ બિલિયન કરતા વધારે ડોઝ ખરીદવાની ડીલ કરી છે. પરંતુ અત્યાર સુધી તેને ૧૦૦ મિલિયન ડોઝનો પાંચમો જથ્થો મળ્યો છે. સીરમ કોવેક્સ માટે નોવાવેક્સના પણ લાખો ડોઝ તૈયાર કરશે તેવું માનવામાં આવી રહ્યું છે.

## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૪૮)

### વર્ષા જાની



વર્તમાન પરિસ્થિતિએ માણસને તન, મન, ધન અને આરોગ્ય બધી રીતેતોડીનાખ્યોછે.કોરોનાનો આ બીજો દોર વધારે પડતો કાળમુખો બનીને આવ્યો છે.કોરોનાની ઝપટમાં આવનાર વ્યક્તિ બિચારા ખૂબ જ હેરાન પરેશાન થઈ જાય છે. ઘણીવાર તો દર્દી કોરોનાના ડરને કારણે વધારે બીમારીનો અનુભવ કરવા લાગે છે!હાલની પરિસ્થિતિમાં તો જાણે માણસના મૃત્યુની કોઈ નવાઈ જ નથી રહી! માણસ કીડી મકોડા અને પ્રાણીની માફક ટપોટપ મરવા લાગ્યાં છે! અને મૃત્યુ પામેલા માણસની અંતિમ ક્રિયા કરવામાં પણ સ્વજનોને કલાકો સુધી રાહ જોવી પડતી હોય! આ તે કેવું? ખરેખર કુદરત રૂઠી છે. ઉપરવાળો વધારે પડતો કોપાઈમાન થયો લાગે છે! નહીતર આટલુ બધું ન હોવું ઘટે!

એમાં ય માણસની સ્વાર્થવૃત્તિ,કુદરતનો જેટલો કસ કાઢી શકાય એટલો કાઢી લેવાની વૃત્તિ મુખ્યત્વે કારણભૂત ગણી શકાય. કુદરતનાં કાર્યમાં હસ્તક્ષેપ કરવાનું આ ખૂબ મોટું પરિણામ સમગ્ર માનવજાત તો ભોગવી રહી છે, સાથે સાથે અબોલ પશુ પંખી, જીવજંતુ આ બધાં ઉપર પણ ઘેરી અસર વર્તાઈ રહી છે.

માણસજાત મીઠાં ઝાડના મૂળિયાં ખાઈ જવામાં માહેર છે. એનામાં સંતોષ જેવી કોઈ ચીજ જોવા મળતી જ નથી. બસ, ચારેબાજુ હવાતિયાં મારી મારીને લેવાય એટલો ગેરલાભ લઈ કસ કાઢી લેવાનો. બાકી અંતિમ સમયે તો માત્ર બે ગજ જમીનની જ જરૂર પડવાની છે! ખાલી હાથે આવ્યા ને ખાલી હાથે જ જવાનું, કોઈનો સંગાથ ત્યાં કામ આવતો નથી.નીતિ શતકમાં ભર્તુહરીએ માણસના જીવનની મૃત્યુ પછીની વાસ્તવિકતા સચોટ રીતે એક શ્લોકમાં વર્ણવી છે.

धनानि भूमौ पशवश्च गोष्ठे नारी
गृहद्वार जनः श्मशाने।
देहश्चितायां परलोक मार्गे कर्मानुगो
गच्छति जीव एकः।।

અર્થાત.. જ્યારે માણસ મૃત્યુ પામે ત્યારે આખી જિંદગી હડિયાપાટી કરી કરીને નીતિ કે અનીતિના માર્ગે મેળવલ રુપિયા,જમીન, જાયદાદ, સોનુંચાંદી, હીરા ઝવેરાત, ઉપરાંત ગાય, ભેંસ ઘોડા વગેરે પાળીતા પશુધન આ બધું જમીન ઉપર પડ્યું રહેશે. પોતાની ભાર્યા, પત્ની પણ ગૃહ દ્વારા સુધી, એટલે કે ઘરનાં બારણાં સુધી, વધીને શેરીના ચોક સુધી જ મૂકવા આવશે! સ્મશાને તો અન્ય સ્વજનો જ આવશે અને દેહને ત્યાં જ અગ્નિસંસ્કાર કરી દેશે. આમ દેહ પણ ભસ્મીભૂત થઈ જશે. પણ પરલોકના માર્ગે તો માત્ર ને માત્ર કર્મો જ જીવની સાથે જશે.

ઉપરવાળાનાં ચોપડે તો માત્ર કર્મનું ભાથું જ માંડવાનું છે. તો પછી માણસ કેમ અનેકના લોહી ચૂસી ચૂસીને, અનેકના દિલ દુભાવીને, લોહીની વાસ આવતી હોય એવો રૂપિયો ભેગો કરે છે!અને પાછો એમાંય સંતોષ તો પામતો જ નથી.યેનકેન પ્રકારેણ બસ ગમેત્યાંથી રુપિયા ભેગા કરવા,અને પછી મનફાવે તેમ જલસા કરવા એ જ માત્ર જીવનનું ધ્યેય ન હોવું જોઈએ.

આ કોરોનાના કપરાકાળમાં બીજું કાંઈ ન કરો તો કાંઈ નહીં. પણ કમસેકમ માનવતા દાખવીને કોઈને મદદરૂપ થવાની ખેવના રાખજો. કેટલાંક લોકો બીજાના કામની ખણખોદ કરીને કોઈની રોજી ઉપર લાત મારવાનું કામ કરતાં હોય છે.પ્રાઈવેટ સેક્ટરમાં તો આવું ઘણું બધું ચાલતું હોય છે. ઈર્ષા, દ્વેષભાવથી ઘેરાયેલી વ્યક્તિ પોતાના સહકર્મચારીની ઉપરી અધિકારીને કાનભભેરણી કરી, એની કમાઈ પર, એનાં પેટ પર લાત મારવાનું કામ કરતી હોય છે.ઉપરી હોદ્દેદાર વ્યક્તિ પણ આંખે પાટા બાંધીને બેસેલી હોય છે, કે એ સાંભળેલી વાતનો ભોગ બનનાર વ્યક્તિ પાસે કશોય ખુલાસો માગ્યા વગર જ, એક ધડાકે, એ વ્યક્તિને જાણ કર્યા વગર જ એનો છેદ ઉડાડી દેતાં પણ જરાય અચકાતી હોતી નથી!પેલો વગર વાંકે ભોગ બનનાર વ્યક્તિ બિચારો આઘાતમાં સરી પડે! આવું ન કરતા ખરી ચોકસાઈ કરી, ખુલાસો કરી પછી જ આગળ યોગ્ય નિર્ણય લેવો જોઈએ.

જીવનમાં કોઈપણ વ્યક્તિ મરણ વખતે પોતાની ભેગી કરેલી મૂડીમાંથી એક તસુભાર કશુંય સાથે લઈ જઈ શકતી નથી, માટે આનંદ, ઉત્સાહ, પ્રામાણિકતા અને સમજદારી પૂર્વકનું જીવન જીવવું એમાં જ કર્મની સુગન્ધ સમાયેલી છે. ×જીવો અને જીવવા દો.×. એ જીવનસૂત્ર અપનાવી લઈએ. માણસના મૃત્યુ પછી એનાં સારા કર્મો જ એનું જીવનભાથું બની રહે છે. એ જ જીવન સુગંધ પણ...

એક જ અરમાન છે મને, મારું જીવન સુગંધી બને...

વર્ષા જાની
ભાવનગર
૧૮ એપ્રિલ,૨૦૨૧

## ગુજરાતની એસટી બસો સુપર સ્પેડર બને તો નવાઈ નહીં

અમદાવાદ,તા.૧૭

રાજ્યમાં કોરોના વાયરસ દિવસેને દિવસે હાહાકાર મચાવી રહ્યો છે. ત્યારે ગુજરાત એસટીની બસો સુપર સ્પેડર બને તો નવાઈ નહીં, કારણ કે રાજ્યમાં હાલ જે પ્રમાણેની સ્થિતિ જોવા મળે છે. તે જોઈને ચોક્કસ કહી શકાય કે કોરોના વધુ વકરશે. હાલ ગુજરાતના મહાનગરોમાં ચાલી રહેલી જી્ બસોમાં મુસાફરોની મોટી ભીડ જોવા મળી રહી છે. વધતાં સંક્રમણ વચ્ચે જી્ બસોમાં લાપરવાહી જોવા મળી રહી છે. રાજકોટમાં ૬૫ મુસાફરો એસટી બસના કારણે સંક્રમિત મળ્યાં છે. જ્યારે વડોદરા જી્ ડેપોમાં પણ કોરોના ગાઈડલાઈનનો સરેઆમ ભંગ થતો જણાઈ રહ્યો છે. એસટી વિભાગોમાં ન તો થર્મલ ગન છે અને ન તો સેનિટાઈઝર છે. આ બન્ને વસ્તુઓના અભાવના કારણે લોકો વધુ સંક્રમિત બની શકે છે. હાલ રાજ્યમાં રાત્રિ કરફ્યૂ વધારવામાં આવ્યો છે, ત્યારે એસટીની બસો રાત્રિ કરફ્યૂવાળા રૂટ બંધ થતાં દિવસે મુસાફરોનું ભારણ વધ્યું છે. દિવસે જી્ બસોમાં ભારે ભીડ જોવા મળી રહી છે.

રાજકોટની વાત કરીએ તો રાજકોટ બસપોર્ટમાં કોરોના સંક્રમણમાં વધારો થયો છે. શુક્રવારે બસપોર્ટમાં ૬૫ પેસેન્જર સંક્રમિત હોવાનું સામે આવ્યું છે. રાજકોટ બસપોર્ટમાં અત્યાર સુધીમાં ૧૪૩માંથી ૫૪ લોકો સંક્રમિત હોવાનું સામે આવ્યું છે. બસપોર્ટમાં કારણે કોરોના કેસોનો રાફડો ફાટ્યો છે. અનેક ગ્રામ્ય રૂટ રદ કરવામાં આવ્યા છે.

વડોદરા જી્ ડેપોમાં પણ કોરોના જાહેરનામાનો ભંગ થતો દેખાયો હતો. સલામત સવારી અસલામત બની છે. અહીં મુસાફરો ટેસ્ટિંગ વગર અવરજવર કરી રહ્યા છે. લોકોએ ન તો માસ્ક પહેરેલું છે અને સોસિયલ ડિસ્ટિન્સિંગનો અભાવ જોવા મળી રહ્યો છે. થર્મલ ગન, સેનેટાઈઝરનો ઉપયોગ પણ થતો નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લામાં દિવસેને દિવસે કરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. એક તરફ જિલ્લામાં દિવસેને દિવસે ૧૦૦થી વધુ પોઝિટિવ કેસો સામે આવી રહ્યાં છે. તો બીજી તરફ એસટી બસ સ્ટેન્ડ ઉપર બેદરકારીના દ્રશ્યો સામે આવી રહ્યા છે. મહત્ત્વની વાત છે કે સરકાર દ્વારા એસટીની મુસાફરી કરવા આવતા લોકોનું થર્મલ ગન દ્વારા ટેમ્પ્રેચર ચેકીંગ કરી સેનિટાઈઝ કરવાની વાતો કરાઈ રહી છે. પરંતુ પાલનપુર એસટી બસ સ્ટેન્ડમાં કોઈ પણ જાતની થર્મલ ગન દ્વારા મુસાફરોનું ચેકિંગ નથી થતું તો સેનિટાઈઝર પર નથી અપાતું જેને લઇ એસટી તંત્ર જાણે બેદરકારી દાખવી રહયું હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે.

## કુંભમેળામાંથી પરત આવનાર મુસાફરોને ફરજિયાત ટેસ્ટ કરાવવો પડશે

અમદાવાદ,તા.૧૭

રાજ્યમાં કોરોના વાયરસનો હાહાકાર મચેલો છે ત્યારે આજે રૂપાણી અને ડેપ્યૂટી સીએમ નીતિન પટેલ જામનગરની મુલાકાતે છે. અહીં સીએમ વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીમાં એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. જેમાં કોરોનાની સ્થિતિ અને તેના નિયંત્રણ માટે ચર્ચા વિચારણા થઈ હતી. આ બેઠકમાં સીએમ વિજય રૂપાણી દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સીએમ વિજય રૂપાણીએ જણાવ્યું કે કુંભમેળામાંથી પરત આવનારનો કોરોના ટેસ્ટ ફરજિયાત કરવાનો નિર્ણય લીધો છે. એટલું જ નહીં, કુંભમેળાથી આવતા લોકોને ફરજિયાત હોમ આઈસોલેટ કરાશે. કુંભમેળામાંથી ગુજરાતના યાત્રાળું સુપર સ્પ્રેડર ન બને તે માટે સીએમ દ્વારા એક આવકારદાયક નિર્ણય લેવાયો છે.

જામનગર ખાતે કલેક્ટર કચેરીમાં એક ઉચ્ચસ્તરીય બેઠક પૂર્ણ થયા બાદ સીએમ વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, કુંભ મેળામાં ગુજરાતમાંથી ગયેલા શ્રદ્ધાળુઓ પરત ફરશે ત્યારે દરેક જિલ્લામાં કલેક્ટરને સૂચના આપવામાં આવી છે કે, એ તમામ લોકોને આઈસોલેટ કરવામાં આવે. કુંભમેળામાં ગયેલા લોકોનો ફરજિયાત આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવે અને તેમાંથી જે કોઈપણ સંક્રમિત હોય તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવે.સીએમના આ નિર્ણયથી કુંભમાં ગયેલી કોઈપણ વ્યક્તિ સીધેસીધી ગામમાં પ્રવેશ કરી શકશે નહીં. તેમના માટે ગામમાં નાકાબંધીની સૂચના પ્રાંતમાં કલેકટરને આપવામમાં આવી છે. કુંભમાં ગયેલા લોકો કોરોના સ્પ્રેડર ન બને એ માટે આપણે અલગ વ્યવસ્થા ઉભી કરી છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001